**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ.વિંઝોલ, તા.ગોધરા, જિ.પંચમહાલ-૩૮૮૭૧૩

---

નં. એકેડેમિક/૪૮૮૩ /૨૦૨૫ તા.૨૨/૦૪/૨૦૨૫

પરિપત્ર:૩૭૦૦

વિષય: NEP-૨૦૨૦ અંતર્ગત IKS – ભારતીય જ્ઞાન પ્રણાલી અનુરૂપ સેમેસ્ટર-૫/૬ અને સેમેસ્ટર-૭/૮ માટે અભ્યાસક્રમ તૈયાર કરવા બાબત

આથી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખા, વાણિજ્ય વિદ્યાશાખા, વિજ્ઞાન વિદ્યાશાખા, મેનેજમેન્ટ વિદ્યાશાખા અને ગ્રામ્ય વિદ્યાશાખાના ડીનશ્રી/ચેરમેનશ્રીઓને જણાવવાનું કે, કે.સી.જી. અમદાવાદ અને શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર સાથે યોજાયેલ ઓનલાઈન મીટીંગમાં નક્કી થયા મુજબ યુ.જી.સી.ની ગાઈડલાઈન અને ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ની એસ.ઓ.પી. મુજબ સ્નાતક ત્રણ વર્ષ માટે કુલ ૧૩૨ ક્રેડીટના ૫% લેખે ૬.૬ ક્રેડીટ IKS-ભારતીય જ્ઞાન પ્રણાલીને આપવાના હોય છે, અને સ્નાતકના ચાર વર્ષ માટે કુલ ૧૭૬ ક્રેડીટના ૮.૮ ક્રેડીટ IKS-ભારતીય જ્ઞાન પ્રણાલીને આપવાના હોય છે. તે મુજબ દરેક વિષયના મેજર વિષયમાં સેમેસ્ટર-૫/૬ અને સેમેસ્ટર-૭/૮ માં મેજર વિષયને ધ્યાનમાં રાખી એક પેપર IKS-ભારતીય જ્ઞાન પ્રણાલી અનુરૂપ તૈયાર કરવાનું થાય છે. આથી બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીઓને જાણ કરવામાં આવે છે કે, કે.સી.જી. અને સરકારશ્રી સાથેની મીટીંગમાં થયેલ સુચના સંદર્ભે સંબંધિત બોર્ડના મેજર વિષયમાં મેસ્ટર-૫/૬ અને સેમેસ્ટર-૭/૮ માં પોતાના મેજર પેપરમાં એક ૦૪ (ચાર) ક્રેડીટનું પેપર IKS-ભારતીય જ્ઞાન પ્રણાલી મુજબ તૈયાર કરી સત્વરે અભ્યાસક્રમમાં ઉમેરવા જણાવવામાં આવે છે. વધુમાં જો જરૂર પડે તો બોર્ડ ઓફ સ્ટડીઝની સભા પણ બોલાવવાની રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ(ગોધરા)

પ્રતિ,

- ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા, વાણિજ્ય વિદ્યાશાખા, વિજ્ઞાન વિદ્યાશાખા, મેનેજમેન્ટ વિદ્યાશાખા અને ગ્રામ્ય વિદ્યાશાખા
- ચેરમેનશ્રી, વિનયન વિદ્યાશાખા, વાણિજ્ય વિદ્યાશાખા, વિજ્ઞાન વિદ્યાશાખા, મેનેજમેન્ટ વિદ્યાશાખા અને ગ્રામ્ય વિદ્યાશાખાની અભ્યાસ સમિતિ

નકલ રવાના :

- માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા)
- માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા)
- પરીક્ષા નિયામકશ્રી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા)